વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭.
*(Re-Accredited 'B'2.82 CGPA by NACC)*

## એક્ષટર્નલ અભ્યાસક્રમો (વાર્ષિક પધ્ધતિ)

## ઓનલાઈન પ્રવેશ જાહેરાત : ૨૦૧૬ – ૨૦૧૭

## બી.એ./બી.કોમ.(એક્ષટર્નલ) તથા એમ.એ./એમ.કોમ.(એક્ષટર્નલ)

- એક્ષટર્નલ ના વિદ્યાર્થીઓએ તારીખઃ ૨૪/૦૮/૨૦૧૬ થી ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે.
- એક્ષટર્નલના સુરત શહેરમાં ૩૭ તથા સમગ્ર દક્ષિણ ગુજરાત પ્રદેશમાં આવેલા ૫૬ પરીક્ષા કેન્દ્રો/હેલ્પ સેન્ટરોમાંથી પ્રોસ્પેકટસ રૂા. ૩૫૦/– રોકડાથી મળી શકશે. પ્રોસ્પેકટસ સાથે ઈન્ટરનેટ પર ઓનલાઈન ભરવાના પ્રવેશ ફોર્મનો નંબર અને પાસવર્ડ નું કવર આપવામાં આવશે.જે વિદ્યાર્થીએ કાળજી પૂર્વક સાચવી રાખવાનો રહેશે.
- એક્ષટર્નલ અભ્યાસક્રમમાં એ.ટી.કે.ટી. મેળવનાર તથા બીજા વર્ષમાં ફ્રેશ વિદ્યાર્થી તરીકે આવેદનપત્ર ભરવા માંગતા વિદ્યાર્થીને એક માહિતી પુસ્તિકા તથા બે પાસવર્ડ લેવાના રહેશે તથા તેના રૂા. ૪૦૦/– આપવાના રહેશે.
- બી.એ./બી.કોમ.(એક્ષટર્નલ) ઓનલાઈન પ્રવેશ તથા હેલ્પ સેન્ટર/પરીક્ષા કેન્દ્ર અંગેની માહિતી https://ugext.vnsguadm.org વેબસાઈટ પરથી મળી રહેશે. માહિતી પુસ્તિકામાં દર્શાવેલ માહિતીનો કાળજીપૂર્વક અભ્યાસ કર્યા બાદ ઉપરોકત વેબસાઈટ પરથી ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે.
- એમ.એ. અને એમ.કોમ. ભાગ : ૧– ૨ (એક્ષટર્નલ) ઓનલાઈન પ્રવેશ તથા હેલ્પ સેન્ટર/પરીક્ષા કેન્દ્ર અંગેની માહિતી https://pgext.vnsguadm.org વેબસાઈટ પરથી મળી રહેશે. માહિતી પુસ્તિકામાં દર્શાવેલ માહિતીનો કાળજીપૂર્વક અભ્યાસ કર્યા બાદ ઉપરોકત વેબસાઈટ પરથી ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે.
- વિદ્યાર્થીઓ ઈન્ટરનેટની સગવડ હોય તેવી કોઈપણ જગ્યાએથી પ્રવેશ ફોર્મ ભરી શકશે. પરંતુ વિદ્યાર્થીઓ એક્ષટર્નલ હેલ્પ સેન્ટર/પરીક્ષા કેન્દ્ર પરથી પ્રવેશ ફોર્મ ભરે તે હિતાવહ છે.
- **અન્ય યુનિવર્સિટી તથા અન્ય બોર્ડમાંથી અંતિમ અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરતના એકેડેમિક વિભાગમાંથી પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફિકેટ (PEC) મેળવ્યા બાદ ફોર્મ ભરવાનું રહેશે તથા તેને ફોર્મ સાથે જોડવાનું રહેશે.**

- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના રેગ્યુલર અભ્યાસક્રમમાંથી એક્ષટર્નલ અભ્યાસક્રમમાં પ્રવેશ લેતાં સ્નાતક/અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓએ જે તે કોલેજમાંથી ટ્રાન્સફર સર્ટીફિકેટ મેળવ્યા બાદ ફોર્મ ભરવાનું રહેશે. તથા તેને ફોર્મ સાથે જોડવાનું રહેશે.
- ડબલ ગ્રેજયુએશન તથા ડબલ પોષ્ટ ગ્રેજયુએશન કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના એકેડેમિક વિભાગ (રૂમ નંબર :૧૦૧) માંથી પૂર્વ મંજુરી મેળવીને આવેદનપત્ર ભરવાનું રહેશે તથા તેને ફોર્મ સાથે જોડવાનું રહેશે.
- **વિદ્યાર્થીઓએ એક્ષટર્નલ અભ્યાસક્રમની ફી જે તે કોલેજ/હેલ્પ સેન્ટર ખાતે ભરવાની રહેશે.**
- એક્ષટર્નલ અભ્યાસક્રમોના પરીક્ષા કેન્દ્રો/હેલ્પ સેન્ટરો તથા અભ્યાસક્રમ (સિલેબસ) ની માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ www.vnsgu.ac.in તથા પરીક્ષા વિભાગની વેબસાઈટ www.vnsguexam.org પરથી મળી રહેશે.
- બાહય અભ્યાસક્રમોની માહિતી પુસ્તિકાનો સંપૂર્ણ અભ્યાસ કરી ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાનો તથા સુચનાઓનો અમલ કરવાની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.
- એક્ષટર્નલ ઓનલાઈન પ્રવેશ સમિતિ – ૨૦૧૬ દ્વારા એક્ષટર્નલ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી પ્રવેશ આપવામાં આવશે.
- પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ (૧). સ્કૂલ લિવીંગ સર્ટીફિકેટની ઝેરોક્ષ નકલ,(૨). તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો એક ફોટો,(૩). તમામ માર્કશીટની પ્રમાણિત ઝેરોક્ષ નકલ,(૪). જાતિના દાખલાની પ્રમાણિત ઝેરોક્ષ નકલ બીડવાની રહેશે.
- એક્ષટર્નલ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ : ૧૭/૦૯/૨૦૧૬ રાખવામાં આવી છે.
- હેલ્પ સેન્ટર પર પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તમામ અભ્યાસક્રમમાં તમામ વર્ષના ફકત યુનિવર્સિટીના હેલ્પ સેન્ટર પર ૩૧ – જાન્યુઆરી, ૨૦૧૭ સુધી લેઈટ ફી સાથે ફોર્મ ભરી શકાશે.
- સ્થળ : સુરત.
- તારીખ : ૨૦/૦૮/૨૦૧૬

ઈ.ચા.કુલસચિવ